# તા. ૧૬/૦૨/૨૦૨૩ના રોજ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ના ઓડિટ અહેવાલમાં લેવામાં આવેલ ફકરાની ચર્ચા માટે મીટીંગ યોજાઇ

તા. ૧૬/૦૨/૨૦૨૩ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ઓડિટ અહેવાલમાં લેવામાં આવેલ ફકરાની ચર્ચા માટે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મીટીંગ હાથ ધરવામાં આવેલ હતી. જેમાં શ્રી એમ. પી. પુજારા - નિરીક્ષકશ્રી, શ્રી એસ. એ. ગામોટ - સંયુક્ત નિરીક્ષકશ્રી, શ્રી ગોરધનભાઇ રાબડીયા - જુનિયર નિરીક્ષકશ્રી - સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર, શ્રી એન. કે. પઢેર - વિભાગીય નાયબ નિરીક્ષકશ્રી, સુરત, શ્રીમતી તનાઝ એસ. બચા - જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, નવસારી, શ્રી જયેશ પી. કુકડિયા, મદદનીશ સહાયક નિરીક્ષકશ્રી, નવસારી તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના યુનિવર્સિટી અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. આ મીટીંગમાં વિવિધ કચેરીના વડાશ્રીઓ તથા અન્ય અધિકારી / કર્મચારીશ્રીઓ મળી કુલ ૪૦ સભ્યો હાજર રહ્યા હતા. આ મીટીંગમાં સને ૨૦૧૫-૧૬ના ઓડિટ અહેવાલમાં લેવામાં આવેલ પસંદગીના ફકરાઓની ચર્ચા કરવામાં આવી. આ ચર્ચા દરમ્યાન યુનિવર્સિટીમાં કરવામાં આવતા ઓડિટના રેકોર્ડની ડિજિટલ જાળવણી કરી શકાય તે માટે ઓડિટ મોડયુલનું ઇનોગ્રેશન માન. કુલપતિશ્રી તથા નિરીક્ષકશ્રી, ગાંધીનગરના હસ્તે કરવામાં આવ્યું.






Year Wise Para Comparison



